# પરિવહન વ્યવસ્થાપક (ટ્રાન્સપોર્ટેશન મેનેજર)

પરિવહન વ્યવસ્થાપકે દૈનિક પરિવહન, શિપિંગ અને વિતરણને લગતી કામગીરીની દેખરેખ અને સંચાલન કરવાનું હોય છે. સંપૂર્ણ ઓર્ડરને સમયસર મોકલવામાં આવે અને વિતરિત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે તેઓ જવાબદાર હોય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વસ્તુઓને વ્યવસ્થિત રાખવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે અન્ય લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૭૧,૦૦૦ થી ૧૬,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (વાણિજ્ય પ્રવાહ ઈચ્છનિય છે.)

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન/બિઝનેસ મેનેજમેન્ટમાં સ્નાતક (BBA / BBM)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, તે જ વિષયમાં અનુસ્નાતક (MBA)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

પરિવહન વ્યવસ્થાપકનું અંદાજીત માસિક વેતન રૂ. ૪૦,૦૦૦ થી ૧,૨૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://bit.ly/3wYW0G3

## તમે ક્યાં કામ કરશો?

કાર્યસ્થળ : ઉત્પાદન એકમો, ખાનગી અને જાહેર ઉત્પાદન કંપનીઓ, ઈ-કોમર્સ કંપનીઓ, કુરિયર કંપનીઓ, નાના અને મોટા ઉદ્યોગો, કુટીર ઉદ્યોગો, શિપિંગ કંપનીઓ, સશસ્ત્ર દળો વગેરે

કાર્યસ્થળનું વાતાવરણ: કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

મેનેજર, ટ્રાન્સપોર્ટ → ડેપ્યુટી જનરલ મેનેજર → સિનિયર ઓપરેશન્સ મેનેજર → ચીફ ઓપરેટિંગ ઓફિસર (સી.ઓ.ઓ.) → ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સી.ઈ.ઓ.) → વાઈસ પ્રેસિડેન્ટ (વી.પી.), ઓપરેશન્સ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન/મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દીનદયાલ ઉપાધ્યાય કોલેજ, નવી દિલ્હી
૨. જમ્મુ યુનિવર્સિટી, જમ્મુ
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બરોડા, વડોદરા
૪. યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૫. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ ચઆઈ.આઈ.એમ૬, રોહતક
૬. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સાયન્સ, સાવિત્રીબાઈ ફૂલેપુણે યુનિવર્સિટી
૮. એન્ટરપ્રિરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ડિયા, ગાંધીનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એમઆઈસીએ (માઈકા), અમદાવાદ
૨. આઈઆરએમએ, આણંદ
૩. આર્મી ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, ગ્રેટર નોઈડા
૪. શરણબસવ યુનિવર્સિટી, ગુલબર્ગા
૫. આર્કેડ બિઝનેસ કોલેજ, પટના
૬. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૭. જ્યોતિ નિવાસ કોલેજ, બેંગલુરૂ
૮. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ એક્સેલન્સ, બેંગલુરૂ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડિવિઝનલ સુપ્રિટેન્ડન્ટ, ટ્રાફિક સુપ્રિટેન્ડન્ટ, શિપિંગ મેનેજર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**તુલસી મીરચંદાની** બ્લુ ડાર્ટ એવિએશનના મેનેજિંગ ડિરેક્ટર છે. તુલસીએ કોનકોર્ડિયા યુનિવર્સિટી, મોન્ટ્રીયલમાંથી આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનમાં એમ.બી.એ.ની પદવી હાંસલ કરેલ છે અને દેશમાં નાગરિક ઉડ્ડયનમાં તેમના યોગદાન બદલ નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. તેણી બ્લુ ડાર્ટ માટે કામ કરતી મહિલા કુરિયર્સ માટે ગૌરવ ધરાવે છે, જે બિન-મૈત્રીપૂર્ણ પરિસ્થિતિઓનો સામનો કરીને પણ મક્કમતાથી આગળ વધી રહી છે. મીરચંદાનીએ લગભગ ૫૦ વર્ષ પહેલાં પુરૂષોનું ભુત્વ ધરાવતા ઉદ્યોગમાં કાર્ગો પાઈલટ તરીકે ઉડ્ડયન ક્ષેત્રે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને એક અનુકરણીય ટ્રાન્સપોર્ટેશન મેનેજર તરીકે પોતાની ઓળખ બનાવી હતી.*

સ્રોત: https://www.bluedartaviation.com/tulsi.htm

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.